રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીને સંગીન બનાવવા રાજ્યમાં નવા પોલીસ સ્ટેશન બનાવવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ
સચિવલાય, ગાંધીનગર
તા.૦૯/૦૯/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૦૭/૦૯/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) વિભાગનો તા.૧૨/૦૧/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ

(૩) વિભાગનો તા.૧૫/૦૧/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) વિભાગનો તા.૨૫/૦૮/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

ઠ રા વ:-

રાજયના પોલીસ દળને સુદ્રઢ બનાવવા માટે વિવિધ હેતુસર નવી સેવા વર્ષ-૨૦૨૦-૨૧ હેઠળ સંદર્ભ(૧)માં દર્શાવેલ તા.૦૭/૦૯/૨૦૨૦ના ઠરાવથી વિવિધ સંવર્ગની કુલ-૭૬૧૦ જગ્યાઓની મંજુરી આપવામાં આવેલ છે. તે પૈકી કુલ-૧૬૬૬ જગ્યાઓ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા માટે ૨૨- પોલીસ સ્ટેશન બનાવવા, ૧૦- પોલીસ સબ ઇન્સ્પેક્ટર કક્ષાના પોલીસ સ્ટેશનને પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવા તથા ૧૬- નવી ચોકી/આઉટ પોસ્ટ શરૂ કરવા માટે ફાળવવામાં આવેલ છે. જે અંતર્ગત નવા પોલીસ સ્ટેશન, અપગ્રેડ કરવાના થતા પોલીસ સ્ટેશન તેમજ નવી આઉટ પોસ્ટ/ચોકીના સ્તર નક્કી કરવાની અને મહેકમ ફાળવવા બાબતે સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી દાહોદ જિલ્લાના પીપલોદ અને ચાકલીયા આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરી નવા પીપલોદ પોલીસ સ્ટેશન અને ચાકલીયા પોલીસ સ્ટેશન બનાવવા માટે વિવિધ સંવર્ગની કુલ-૧૧૭ જગ્યાઓ ફાળવવામાં આવેલ છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના ઠરાવથી રાજકોટ શહેરના કુવાડવા પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવું એરપોર્ટ પોલીસ સ્ટેશન બનાવવા માટે વિવિધ સંવર્ગની કુલ-૭૫ જગ્યાઓ ફાળવવામાં આવેલ છે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના ઠરાવથી કુલ ૯ નવા પોલીસ સ્ટેશન, ૪ અપગ્રેડ કરવાના પોલીસ સ્ટેશન તથા ૪ નવી આઉટ પોસ્ટ/પોલીસ ચોકી ઉભી કરવા અને કુલ-૬૭૭ જગ્યાઓની ફાળવણી કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૪. ઉપરોક્ત વિગતે કુલ-૧૬૬૬ જગ્યાઓ પૈકી બાકી રહેતી ૭૯૭ જગ્યાઓની ફાળવણી તેમજ બાકી રહેતા નવા ૧૦ પોલીસ સ્ટેશન, અપગ્રેડ કરવાના થતા ૪ પોલીસ સ્ટેશન તેમજ ૧૨ નવી આઉટ પોસ્ટ/ચોકી નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૫.     પુખ્ત વિચારણાને અંતે, (૧) ભરૂચ જીલ્લાના અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનનુ વિભાજન કરી અંકલેશ્વર શહેર "બી" ડીવીઝન પોલીસ સ્ટેશન તથા (૨) અરવલ્લી જીલ્લામાં મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની ટીંટોઈ આઉટ પોસ્ટને અપગ્રેડ કરી નવીન પોલીસ સ્ટેશન શરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે અને આ સાથે સામેલ રાખેલ પત્રકમાં દર્શાવ્યા મુજબ જરૂરી સ્ટાફની ફાળવણી કરવામાં આવે છે.

૬.     આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૯/૦૯/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

(આર.એ.પ્રજાપતિ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- મા.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ (તેઓના ક્ષેત્રધિકારમાંના જે પોલીસ સ્ટેશનોને લઇને નવા પોલીસ સ્ટેશન આ ઠરાવથી મંજુર થયા છે તે માટે પોલીસ સ્ટેશનોના હદ વિસ્તારમાં ફેરફારોના જાહેરનામાના મુસદ્દા તાત્કાલિક શ્રુતી ફોન્ટમાં અંગ્રેજી તથા ગુજરાતીમાં ગૃહ વિભાગના ટી.સી.એન્ડ ટી. પ્રભાગમાં રૂબરૂ પહોંચતી કરવા ખાસ વિનંતી સાથે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, વ શાખા, બ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઇ.ટી. સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર આ ઠરાવ ગૃહ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

ગૃહ વિભાગના તા.૦૯/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ નું બિડાણ

પત્રક

| અ.નં | શહેર/જિલ્લો | પોલીસ સ્ટેશન | U.PI | U.PSI | U.ASI | UHC | UPC | A.ASI | Dr.PC | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનનુ વિભાજન કરી અંકલેશ્વર શહેર "બી" ડીવીઝન પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૫ | ૨૩ | ૪૦ | ૩ | ૨ | ૭૫ |
| ૨ | અરવલ્લી | મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની ટીંટોઈ આઉટ પોસ્ટને અપગ્રેડ કરી નવીન પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૫ | ૨૨ | ૩૮ | ૨ | ૨ | ૭૧ |
| | | કુલ | ૨ | ૨ | ૧૦ | ૪૫ | ૭૮ | ૫ | ૪ | ૧૪૬ |

(આર.એ.પ્રજાપતિ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ